JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઇઝના પતરા
• JSW|મોરછાપ|Colouron+ પતરા
• JINDAL|સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN|APOLLO|NEZONE-MS|GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રુ
• પોલીકાર્બોનેટ|PVC શીટ|રૂફીંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ સાતમ મંગળવાર ૭ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૭

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# મહારાષ્ટ્રમાં ભારે વરસાદથી હાહાકાર

**માવલ** વિસ્તારમાં ભેખડો ધસી પડતા એક મકાન દબાતા બેનાં મોત, અન્ય એક શખ્સ પાણીમાં તણાઇ ગયો

**જેના** બહુ વખાણ થયા હતા તે 'મિસિંગ લિંક' ટનલનો કેટલોક ભાગ પહેલા જ ભારે વરસાદમાં તૂટી પડ્યો

**મહારાષ્ટ્રમાં** છેલ્લા ચાર દિવસમાં વરસાદને લગતી ઘટનાઓમાં ૧૩નાં મોત







મુંબઈ/પુણે, તા. 6(PTI): મુંબઈ-પુણે ક્ષેત્રમાં અવિરત વરસી રહેલા વરસાદને કારણે સર્જાયેલી વિવિધ દુર્ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત થયા છે. ભારે વરસાદના લીધે બે મહત્વના શહેરો વચ્ચેનો એક્સપ્રેસવે અને ટ્રેન સેવાઓ સહિતનું પરિવહન નેટવર્ક ખોરવાઈ ગયું હતું અને સોમવારે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.

રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા હતા, વૃક્ષો ધરાશાયી થયા હતા અને મુંબઈ-પુણે એક્સપ્રેસવેનો નવો ખુલ્લો મુકાયેલો 'મિસિંગ લિંક' વિભાગ તેની ચોમાસાની પહેલી જ પરીક્ષામાં નિષ્ફળ રહ્યો હતો, જ્યારે કે મહાનગર અને તેની આસપાસના વિસ્તારોને વરસાદના પ્રકોપનો સામનો કરવો પડ્યો હતો. વરસાદના કારણે ભૂસ્ખલન થતાં સત્તાવાળાઓને મહત્વપૂર્ણ મુંબઈ-પુણે એક્સપ્રેસવે બંધ કરવાની અને કેટલાક વિભાગોમાં રેલ્વે કામગીરી સ્થગિત કરવાની ફરજ પડી હતી. પુણે જિલ્લાના માવળ તાલુકાના પાટન ગામમાં ભૂસ્ખલનને કારણે એક ઘર દબાઈ જતાં બે લોકોના મોત થયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, અન્ય એક વ્યક્તિનું પુણેના ખેડ તાલુકામાં પૂરના પાણીમાં વહી જવાથી મોત થયું હતું. મહારાષ્ટ્રના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી ગિરીશ મહાજને જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણથી ચાર દિવસમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં 13 લોકોનાં મોત થયા છે. તેમણે ઉમેર્યું કે, આગામી બે દિવસ માટે ભારે વરસાદનું 'રેડ' એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે, થાણે શહેરમાં એક વિશાળ ઉખડી ગયેલા વૃક્ષને હટાવતી વખતે એક ફાયરમેન ઘાયલ થયો હતો અને અલગ-અલગ ઘટનાઓમાં એક મોટું હોર્ડિંગ અને બે દિવાલો તૂટી પડી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બચાવ કાર્ય હાથ ધરીને ૩૦ લોકોને બચાવી લેવાયા હતા અને ૨૭૦ થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, ૨૭ રેવન્યુ સર્કલોમાં ૬૫ મીમી કરતાં વધુ વરસાદ નોંધાયો હતો, જેમાં

...અનુસંધાન પાના 15 પર

## મુંબઈમાં વરસાદી આફત : અર્ધ-સરકારી કચેરીઓમાં અડધા દિવસની રજા

**મુંબઈ.** સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એસડીએમએ)એ સોમવારે ભારે વરસાદને ધ્યાનમાં રાખીને મુંબઈની ખાનગી ઓફિસોને કર્મચારીઓને ઘરેથી કામ કરવા (વર્ક ફ્રોમ હોમ) દેવાની સલાહ આપી છે અને બિન-જરૂરી તેમજ અર્ધ-સરકારી કચેરીઓ માટે અડધા દિવસની રજા જાહેર કરી છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા મુંબઈ મેટ્રોપોલિટન રીજન માટે 'રેડ' એલર્ટ જાહેર કર્યા બાદ આ એડવાઇઝરી આવી છે, જેમાં રાજ્યની રાજધાની અને પડોશી થાણે અને રાયગઢ જિલ્લામાં 80-90 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા ભારે પવન સાથે અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. એસડીએમએ દ્વારા એક્સ પર જારી કરવામાં આવેલી એડવાઇઝરી અનુસાર, ખાનગી સંસ્થાઓને જ્યાં શક્ય હોય ત્યાં કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપવા માટે કહેવામાં આવ્યું છે, જ્યારે સરકારી અને અર્ધ-સરકારી કચેરીઓના કર્મચારીઓને આવશ્યક સેવાઓમાં રોકાયેલા કર્મચારીઓ સિવાય, બપોર પછી અડધા દિવસની રજા આપવામાં આવી છે. સત્તાવાળાઓએ લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, જ્યાં સુધી અનિવાર્ય ન હોય ત્યાં સુધી ઘરમાં રહેવા અને સત્તાવાર એડવાઇઝરીઓનું પાલન કરવા પણ વિનંતી કરી છે. કારણ કે, ભારે વરસાદને કારણે મુંબઈ અને

...અનુસંધાન પાના 15 પર

## મુંબઇમાં ચાલુ રહેલો ભારે વરસાદ: તોફાની પવન ફૂંકાયો

**પવનની** ગતિ કલાકના ૯૦ કિમી સુધી પહોંચી ગઇ, શહેરમાં વૃક્ષો/ડાળીઓ પડવાની 291 ઘટનાઓ

**પાલઘરમાં** ભારે વરસાદથી ટ્રેન વ્યવહારને અસર: મુંબઇ એરપોર્ટ પર આવતી અનેક ફ્લાઇટો ડાઇવર્ટ કરાઇ





મુંબઈ, 6 (PTI): ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા સોમવારે મુંબઈ, થાણે અને રાયગઢ જિલ્લાઓ માટે 'રેડ' એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદની સાથે તેજ પવન ફૂંકાવાની આગાહી કરી છે અને લોકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરી છે. મુંબઈમાં પૂર્વસાવચેતી તરીકે આજે સોમવારે શાળા-કોલેજો બંધ રાખવામાં આવી હતી. ગઈકાલથી જ રજા આપી દેવાઈ હતી. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન(BMC) એ પણ રહેવાસીઓને બિનજરૂરી કામ માટે બહાર ન નીકળવા અને વૃક્ષો, જર્જરિત ઈમારતો, હોર્ડિંગ્સ,

...અનુસંધાન પાના 15 પર



## ભારે વરસાદથી પશ્ચિમ રેલવેની 20થી વધુ લાંબા અંતરની ટ્રેનો અટવાઇ

**મુંબઈ.** ભારે વરસાદ અને ગંભીર જળબંબાકારને કારણે સોમવારે પશ્ચિમ રેલવેની કામગીરી ઠપ થઈ ગઈ હતી, જેના લીધે પાટા પાણીમાં ડૂબી જતાં મુંબઈ અને દક્ષિણ ગુજરાતના વિવિધ સ્ટેશનો પર ૨૦થી વધુ લાંબા અંતરની ટ્રેનો અટવાઈ ગઈ હતી. ટ્રેનો રદ થવા, રૂટ બદલાવા અને વિલંબ થવાને કારણે ૪૦થી વધુ ટ્રેન સેવાઓ પ્રભાવિત થઈ હોવાથી રેલવે સત્તાવાળાઓ અટવાયેલા મુસાફરોને મદદ કરવા માટે દોડધામ કરી રહ્યા હતા અને મુંબઈ-અમદાવાદ ટ્રંક રૂટ પર ફરીથી સંપર્ક શરૂ કરવા માટે કામ કરી રહ્યા હતા. પશ્ચિમ રેલવેના અધિકારીઓના જણાવ્યા

...અનુસંધાન પાના 15 પર

## મુંબઈ-ગોવા હાઈવે પર ભારે વરસાદથી પૂર; વાહનવ્યવહાર ખોરવાયો

**મુંબઈ.** મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ભારે વરસાદને કારણે વ્યસ્ત મુંબઈ-ગોવા હાઈવે પર ગંભીર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી, જેના લીધે થોડા કલાકો માટે વાહનવ્યવહાર થંભી ગયો હતો અને હજારો મુસાફરો અટવાઈ પડ્યા હતા. એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. નાગોઠાણે નજીક સુકેલી ઘાટ પાસે હાઈવે પર પૂરના પાણી ભરાઈ ગયા હતા, જ્યાં પાણીનું સ્તર લગભગ ત્રણ ફૂટ સુધી વધી ગયું હતું, જેને કારણે રવિવારે વાહનોની અવરજવર અટકી ગઈ હતી. આ જળબંબાકારને કારણે હાઈવેની બંને બાજુએ ૮થી ૧૦ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. સોમવારે વાહનવ્યવહાર શરૂ થયો હતો, પરંતુ શનિવાર રાતથી સતત પડી રહેલા વરસાદને કારણે નાગોઠાણે-વાકણ પટ્ટા પર પૂર જેવી સ્થિતિ સર્જાતા વાહનોની ગતિ ધીમી હતી. ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ માટે રાયગઢ જિલ્લા માટે 'રેડ' એલર્ટ જાહેર કર્યું છે. કારણ કે, ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. પોલીસે જણાવ્યું કે, સુકેલી ગામની હદમાં જળબંબાકારને કારણે રવિવારે હાઈવે પર વાહનવ્યવહાર થોડા કલાકો માટે સ્થગિત કરવામાં આવ્યો હતો, જેનાથી હજારો મુસાફરો અટવાઈ પડ્યા હતા. રાત થતાંની સાથે જ વાહનવ્યવહાર

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી



### મમતા બેનર્જીની 'ઘર વાપસી' અને કોંગ્રેસની મૂંઝવણ

તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી ઇન્ડિયા બ્લોકની બેઠકમાં સોનિયા ગાંધીને ગળે વળગાડી રહ્યા હોય (કે પછી આર્થિક-રાજકીય ટેકા માટે તેમને મજબૂતીથી પકડી રહ્યા હોય?) તેવો એક ફોટો હેડલાઇન્સ બન્યો હતો. આ પછી કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષના સત્તાવાર નિવાસસ્થાને બંને વચ્ચે એક બેઠક યોજાઈ હતી, જ્યારે તેમના ભત્રીજા અભિષેક બેનર્જી લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને મળ્યા હતા. તેમનો પક્ષ વિભાજનના આરે હોવાને કારણે પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી 'ઘર વાપસી' (કોંગ્રેસમાં પરત ફરવાનું) આયોજન કરી રહ્યા

...અનુસંધાન પાના 11 પર

### તા. ૦૬-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૭૮.૩૮ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૬.૪ સે. | ૨૮.૧ સે. | ૬૩% |

# રામ મંદિર ટ્રસ્ટની બેઠક મળી: ચંપત રાયના રાજીનામાનો સ્વીકાર

**ટ્રસ્ટી** કૃષ્ણ મોહનને વચગાળાના મહા મંત્રી બનાવાયા

**હવે આ** ટ્રસ્ટમાં એક CEOની પણ નિમણૂક કરાશ: આ હોદ્દા માટે યોગ્ય વ્યક્તિ શોધવા સમિતિ રચાઇ

અયોધ્યા, 6 (PTI): રામ મંદિર ટ્રસ્ટે દાનમાં મળેલી રકમના ઉચાપતના સંજોગો વચ્ચે સોમવારે ચંપત રાયના મહા મંત્રી પદેથી અને સભ્ય અનિલ મિશ્રાના રાજીનામાનો સ્વીકાર કર્યો છે. ટ્રસ્ટી કૃષ્ણ મોહનને વચગાળાના જનરલ સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે મંદિર ટ્રસ્ટ માટે ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર(CEO)ની શોધ કરવા માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવાની પણ જાહેરાત કરી છે. આ પેનલમાં નિવૃત્ત ન્યાયાધીશ પ્રમોદ કોહલી, નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ વિષ્ણુકાંત ચતુર્વેદી અને ટ્રસ્ટી સુરેશ હવારે સામેલ છે.

મંદિર સંસ્થાની ત્રણ કલાક ચાલેલી બેઠક બાદ ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ ગિરીએ આ માહિતી આપી હતી. આ બેઠકમાં કૌભાંડના કારણે ઉભા થયેલા વિવાદ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ કૌભાંડે વ્યાપક આક્રોશ અને રાજકીય તોફાન જગાવ્યું છે, જેના કારણે રામ મંદિર આંદોલનનું નેતૃત્વ કરનાર ભાજપ અને સંઘ પરિવાર નુકસાનને કાબૂમાં લેવા માટે મથામણ કરી રહ્યા છે. ગિરીએ મંદિરની દાનપેટીઓમાંથી થયેલી ચોરીને ટ્રસ્ટ માટે "ઊંડી પીડા અને શરમ"ની બાબત ગણાવી હતી અને કહ્યું હતું કે આ વિવાદે સદીઓના લાંબા સંઘર્ષ અને અસંખ્ય બલિદાનો પછી બનેલા મંદિર પર કાળો પડછાયો પાડ્યો છે. જો કે, ખજાનચીએ જણાવ્યું હતું કે ટ્રસ્ટે

...અનુસંધાન પાના 15 પર

## પંજાબમાં રખડતા કૂતરાઓએ 4 વર્ષની બાળકીને ફાડી ખાધી

હોશિયારપુર (પંજાબ), તા. 6 (PTI). પંજાબના હોશિયારપુરમાં એક પ્રવાસી મજૂરની ચાર વર્ષની પુત્રી પર રખડતા કૂતરાઓના ઝુંડે હુમલો કરી દીધા બાદ તેનું મોત નીપજ્યું હોવાનું પોલીસે સોમવારે જણાવ્યું હતું. આ ઘટના રવિવારે સાંજે ટાંડા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ઓહરપુર-બસ્સી જલાલ લિંક રોડ પર બની હતી. મૃતક બાળકી ગુંગન ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરી જિલ્લાના ધ્યાનપુર ગામના રહેવાસી રામ જીવન અને પ્રીતિની પુત્રી હતી. આ દંપતી ડાંગરની રોપણીના કામ માટે બસ્સી જલાલ ગામે આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, દંપતી તેમની પુત્રીને તેઓ જે ખેતરમાં

...અનુસંધાન પાના 15 પર

# મણિપુરમાં આતંકવાદી હુમલામાં આસામ રાઇફલ્સના બે જવાનો શહીદ

**ગૃહમંત્રી** કોન્થૌજમે સુરક્ષા દળો પરના હુમલાની નિંદા કરી

ઈમ્ફાલ/નવી દિલ્હી, તા. 6 (PTI). સોમવારે મણિપુરના ઉખરુલ જિલ્લામાં શંકાસ્પદ આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ઓચિંતા હુમલામાં આસામ રાઇફલ્સના બે જવાનો શહીદ થયા હતા અને અન્ય કેટલાક ઘાયલ થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના પહાડી જિલ્લાના નુંગશાંગ ખોંગ વિસ્તારમાં બપોરે લગભગ 1.30 વાગ્યે બની હતી જ્યારે શંકાસ્પદ આતંકવાદીઓએ અર્ધલશ્કરી દળના કાફલા પર અચાનક અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું.

રાજ્યના ગૃહમંત્રી ગોવિંદદાસ કોન્થૌજમે સુરક્ષા દળો પરના આ હુમલાની નિંદા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આવી ઘટના હિંસાથી પ્રભાવિત રાજ્યમાં શાંતિ અને સૌહાર્દને ખોરવે છે.

એક્સ પરની એક પોસ્ટમાં મંત્રીએ કહ્યું, "ઉખરુલના નુંગશાંગ કોંગ ખાતે 40 આસામ રાઈફલ્સના કાફલા પર થયેલા કમનસીબ ઓચિંતા હુમલાથી હું ઊંડો આઘાત અનુભવું છું." મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સુરક્ષા દળો એ સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે કે આ હુમલા માટે જવાબદાર લોકો સામે કાયદા અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવે.

...અનુસંધાન પાના 15 પર

# ફિલ્મ 'સતલુજ' રિલીઝના માત્ર 48 કલાકમાં જ ZEE5 પરથી હટાવાઈ

**પંજાબમાં** આતંકવાદના કાળમાં ગેરકાયદેસર અંતિમ સંસ્કારનો પર્દાફાશ કરનાર જસવંત સિંહ ખાલરાના જીવન પર આધારિત ફિલ્મને લઈને વિવાદ ફરી વકર્યો

**સેન્સર** બોર્ડ દ્વારા 125થી વધુ કટ સૂચવવામાં આવતા મેકર્સે તેને ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરી હતી

મુંબઈ, તા. 6: નિર્દેશક હની ત્રેહાન અને દિલજીત દોસાંજની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'સતલુજ'ને રિલીઝના 48 કલાકની અંદર જ રવિવાર, 5 જુલાઈએ ભારતમાં ઓટીટી પ્લેટફોર્મ ZEE5 પરથી હટાવી દેવામાં આવી છે. અગાઉ 'પંજાબ 95' નામ ધરાવતી આ ફિલ્મ લાંબા સમયના વિલંબ બાદ 3 જુલાઈએ કોઈ પણ કટ વગર રિલીઝ થઈ હતી.

ZEE5એ જણાવ્યું કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ ફિલ્મ પર રોક લગાવવામાં આવી છે, જોકે તેનું ચોક્કસ કારણ જાહેર કરાયું નથી. થિયેટર રિલીઝ માટે

...અનુસંધાન પાના 15 પર




## 'સતલુજ'ને ઓટીટી પરથી હટાવાતા પંજાબના લોકો અને નેતાઓની તીખી પ્રતિક્રિયાઓ

**ચંદીગઢ.** ઓટીટી પ્લેટફોર્મ પરથી દિલજીત દોસાંજની ફિલ્મ 'સતલુજ'ને હટાવી દેવાના નિર્ણય સામે પંજાબના તમામ મુખ્ય રાજકીય પક્ષો અને શીખ સંગઠનો અને નેતાઓ તરફથી તીખી પ્રતિક્રિયાઓ આવી રહી છે. શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે આ પગલાની આકરી ટીકા કરતા કહ્યું કે, આ માત્ર સેન્સરશિપ નથી પરંતુ આપણી સામૂહિક સ્મૃતિ, સત્ય અને અભિવ્યક્તિની આઝાદી પર સીધો પ્રહાર છે. અકાલી દળના જ નેતા બિક્રમ સિંહે ઉમેર્યું કે ઈતિહાસ પર ક્યારેય પ્રતિબંધ લગાવી શકાતો નથી, તેને જેટલો દબાવવાનો પ્રયત્ન કરશો તેટલો જ 'સતલુજ'નો પ્રવાહ વધુ મજબૂત બનશે. પંજાબમાં સત્તાધારી આમ આદમી પાર્ટીના સાંસદ માલવિંદર સિંહે સવાલ ઉઠાવ્યો કે જો 'ધ કાશ્મીર ફાઇલ્સ' અને 'ધ કેરળ સ્ટોરી' જેવી ફિલ્મો કોઈ પણ અવરોધ વિના દર્શાવી શકાતી હોય, તો પંજાબના માનવાધિકાર ઉલ્લંઘન પર સવાલ ઉઠાવતી ફિલ્મથી કોણ ડરી રહ્યું છે? શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટીના મુખ્ય સચિવ કુલવંત સિંહ મનને પણ કહ્યું કે જનતાને એ દિવસોમાં પંજાબમાં શું બન્યું હતું તે જાણવાનો પૂરો અધિકાર છે.